પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૮૮ | ૨૯ ડિસેમ્બર, ૨૦૧૮, શનિવાર; માગશર વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**કાદરખાન હોસ્પિટલમાં દાખલ**

બોલીવુડ એક્ટર અને રાઈટર કાદરખાનની હાલત નાજુક છે. તેમને નિમોનિયાની તકલીફ થયા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બોલીવુડ એક્ટર અમિતાભ બચ્ચને તેમના માટે એક ઈમોશનલ પોસ્ટ પણ લખી છે.

**જમ્મુ-કાશ્મીરમાં ફરી ચૂંટણી યોજાશે**

ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું છે કે લોકતાંત્રિક પ્રક્રિયા તરફ સરકાર પ્રતિબદ્ધ છે અને આગામી દિવસોમાં જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી યોજવા કેન્દ્ર સરકાર તૈયાર છે.

**બિહારમાં બર્ડફ્લુનો ખતરો**

બિહારમાં બર્ડફ્લુનો ભય ફેલાયો છે. પટણાના સંજય ગાંધી જૈવિક ઉદ્યાનમાં છ મોરના મૃત્યુ થતા સ્થાનિક તંત્ર હરકતમાં આવ્યુ છે. હાલમાં ઝુને અનિશ્ચિતકાળ સુધી બંધ રાખવા આદેશ અપાયો છે.

**એક લાખ કંપનીઓનું રજીસ્ટ્રેશન રદ**

સરકારે ચાલુ નાણાંકીય વર્ષમાં લાંબા સમયથી વ્યાપારીક ગતિવિધિઓ નહી કરવાવાળી એક લાખથી વધુ કંપનીઓનુ રજીસ્ટ્રેશન રદ કરી દીધુ છે. કોર્પોરેટ મંત્રાલયે આ કંપનીઓમાં અવેધરૂપથી ધનના પ્રવાહને રોકવા આ પગલુ ઉઠાવ્યુ છે.

# મોદીના ડ્રીમ પ્રોજેક્ટ 'ગગનયાન'ને મંજૂરી

**મહત્વકાંક્ષી ગગનયાન પ્રોજેક્ટ માટે ૧૦૦૦૦ કરોડ મંજુર થયા : ૨૦૨૨ સુધીમાં ૩ ભારતીયોને ૭ દિવસ સુધી અવકાશ યાત્રા પર મોકલાશે : અમેરિકા, રશિયા, ચીન બાદ ભારત ચોથો દેશ બનશે, આ કાર્યક્રમ દ્વારા ભારતની માનવ સહિતની સ્પેસફ્લાઈટની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે અંતરિક્ષમાં માનવ મિશન મોકલનાર ભારત વિશ્વનો ચોથો દેશ હશે**



નવીદિલ્હી, તા. ૨૮

કેન્દ્ર સરકારે મહત્વકાંક્ષી ગગન યાન પ્રોજેક્ટ માટે ૧૦૦૦૦ કરોડ રૂપિયાની રકમ મંજુર કરી દીધી છે. ત્રણ ભારતીયો અંતરિક્ષમાં આ પ્રોજેક્ટના ભાગરુપે સાત દિવસ રહેશે. આ મિશન હેઠળ ત્રણ ભારતીય સભ્યો સાત દિવસ માટે અંતરિક્ષમાં રહીને રોમાંચ માણી શકશે. કેન્દ્રીયમંત્રી રવિશંકર પ્રસાદે આજે કેબિનેટની બેઠકના નિર્ણય અંગે માહિતી આપી હતી. મિડિયા સાથે વાતચીત કરતા રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, આ યોજનામાં ૧૦૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. અંતરિક્ષ પર માનવ મિશન મોકલનાર ભારત દુનિયામાં ચોથા દેશ તરીકે બની જશે. મોદીએ આ વર્ષે સ્વતંત્રતા દિવસના પ્રસંગે ઐતિહાસિક લાલ કિલ્લા પરથી પોતાના ભાષણમાં ગગનયાન પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, આ મિશન ૨૦૨૨ સુધી પૂર્ણ થશે. આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટમાં મદદ માટે ભારતે પહેલાથી રશિયા અને ફ્રાંસ સાથે કરાર કરી દીધો છે. પીએમઓ રાજ્યમંત્રી જીતેન્દ્રસિંહે કહ્યું હતું કે, ઈસરોએ આગામી ત્રણ વર્ષમાં ૫૦થી વધારે મિશનોના લક્ષ્ય માટે રુપરેખા નક્કી કરી છે. તેમણે કહ્યું હતું કે સરકારે અંતરિક્ષ ગતિવિધિઓ માટે બજેટમાં વધારો

● અનુસંધાન પાન-૭ પર

## ખેડુતોને રાહત આપવા કેન્દ્ર સરકારની તૈયારી

**લોકસભા ચૂંટણી પહેલા મોટી જાહેરાત કરાશે : તેલંગણામાં કેસીઆરની જેમ જ મોદી સરકારની ખેડુતો માટે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર સ્કીમ સંદર્ભે વિચારણા**



નવી દિલ્હી,તા. ૨૮

વર્ષ ૨૦૧૯માં યોજાનાર સામાન્ય ચૂંટણી પહેલા મોદી સરકાર ખેડુતોને મોટી રાહત આપવા માટે સક્રિય રીતે વિચારી રહી છે. પ્રાપ્ત હેવાલ મુજબ તેલંગણા સરકાર દ્વારા જે રીતે યોજના અમલી મુકવામાં આવી છે તે જ રીતે નવી યોજના તૈયાર કરવામાં આવી રહી છે. કેસીઆર સરકારના મોડલની જેમ જ આ સ્કીમ રહેશે. જે હેઠળ કેન્દ્ર સરકાર ખેડુતો માટે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર સ્કીમ અંગે વિચારી રહી છે. સ્કીમને લઈને સરકારમાં કેટલાક દોરની વાતચીત થઈ ચુકી છે. નાના અને સિમાંત ખેડુતોને બિયા, ખાતર અને જંતુનાશક તેમજ મજદુરી જેવા ખર્ચ માટે એક ચોક્કસ રકમ સીધી રીતે ખેડુતોના

● અનુસંધાન પાન-૭ પર

# ચેનલની પસંદગી માટે મહેતલ લંબાવાઈ

**ટ્રાઇ દ્વારા ગ્રાહકોને ૩૧મી જાન્યુઆરી સુધીનો સમય આપ્યો : ચેનલોની પ્રાઈઝ રેન્જ ૧ રૂપિયાથી ૧૯ રૂપિયા રખાઈ**

નવી દિલ્હી, તા. ૨૮

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટીએ થોડાક સમય પહેલા જ નવા ટેબલ ટીવીમાં નવા ટેરિફ સિસ્ટમ લાગૂ કરવાના આદેશ કર્યા હતા. ટ્રાઈએ તમામ મલ્ટીસર્વિસ ઓપરેટરો અને લોકલ કેબલ ઓપરેટરોને ૨૯મી ડિસેમ્બરથી નવા ટેરિફ સિસ્ટમ લાગૂ કરવા માટે આદેશ આપ્યો હતો પરંતુ હવે ટ્રાઈએ આ સમય મર્યાદાને વધારી દીધી છે. હવે ટ્રાઈએ કહ્યું છે કે, ગ્રાહકો ૩૧મી જાન્યુઆરી સુધી પોતાની પસંદગીની ચેનલની પસંદગી કરી શકે છે. ટ્રાઈના સચિવ એસકે ગુપ્તાએ વાતચીતમાં કહ્યું છે કે, અમે બ્રોડકાસ્ટર, ડીટીએચ ઓપરેટરો અને એમએસઓ સાથે બેઠક યોજી છે. તમામે નવા નિયમો લાગૂ કરવાને લઈને ઉત્સુકતા દર્શાવી છે. અલબત એવી અપીલ કરવામાં આવી છે કે, ગ્રાહકોને થોડાક સમય આપવામાં આવે તે જરૂરી છે. તમામે કોઈને તકલીફ ન પડે તે હેતુસર હિલચાલ હાથ ધરી છે. લોકો પોતાની પસંદગીની ચેનલ માટે જ પૈસા ચુકવે તેવી હિલચાલ ચાલી રહી છે. નવી સિસ્ટમ હેઠળ ગ્રાહકોને ચેનલની પસંદગી કરવાની છુટ રહેશે અને એવી જ ચેનલો માટે પૈસા ચુકવશે જેને તેઓ જોવા માંગે છે. ટ્રાઈ મુજબ ઈલેક્ટ્રોનિક્સ પ્રોગ્રામ ગાઈડ મારફતે ટીવી સ્ક્રીન ઉપર

● અનુસંધાન પાન-૭ પર


## કર્ણાટકમાં લોન માફી ખેડૂતો સાથે મજાક : મોદી

**કર્ણાટકમાં ભાજપ કાર્યકરો સાથે વાતચીત કરી : બૂથ વર્કરોને જીત મેળવવા માટે માર્ગદર્શન આપ્યું : સત્તામાં રહેલ લોકોને લોકોના કલ્યાણમાં કોઇ જ રસ નથી : મોદી**

નવી દિલ્હી, તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કર્ણાટકના બૂથ વર્કરો સાથે ઓનલાઈન સંવાદ દરમિયાન રાજ્યની કોંગ્રેસ અને જેડીએસ સરકાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, કર્ણાટક સરકારની કૃષિ માફી યોજના ખેડૂતો સાથે કરવામાં આવેલા ક્રૂર મજાક તરકે છે. હાલમાં જ કર્ણાટકના મુખ્યમંત્રી કુમારસ્વામી પણ કહી ચુક્યા છે કે, હજુ સુધી લોન માફીનો ફાયદો ખુબ ઓછા ખેડૂતો સુધી પહોંચ્યો છે. સરકારના કહેવા મુજબ ૪૪૦૦૦ કરોડ રૂપિયાની પાક લોન માફીનો થોડોક હિસ્સો જ ખેડૂતોને મળ્યો છે. તેમણે કહ્યું હતું કે રાજ્યમાં જે લોકો સત્તામાં બેઠા છે તે લોકોને કલ્યાણમાં ઓછો રસ છે. આવી સ્થિતિમાં અમારા કાર્યકરોની ફરજ છે કે તેઓ લોકોનો અવાજ બને. મોદીએ બેલગાવી, બિદર, દાવનગરે, ધારવાડ અને હાવેરીના ભાજપ બૂથ વર્કરો સાથે સીધીરીતે વિડિયો કોન્ફરન્સિંગથી વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, લોકોએ ભાજપના વલણ ઉપર વિશ્વાસ કર્યો છે. ગરીબ લોકો દેખરેખ થાય તેમ ઈચ્છે છે પરંતુ સત્તામાં બેઠેલા લોકો માત્ર કેબિનેટ બેઠકોમાં વ્યસ્ત રહે છે.

ભાજપના મેરા બૂથ સબસે મજબૂત કાર્યક્રમ હેઠળ મોદીએ પાર્ટી કાર્યકરોના પ્રશ્નોના પણ જવાબ આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે, કર્ણાટકના લોકો ભ્રષ્ટાચારમુક્ત વિકાસ ઈચ્છે છે પરંતુ સત્તામાં આવેલા લોકોનો રસ માત્ર વિકાસમુક્ત ભ્રષ્ટાચારમાં છે. કર્ણાટકમાં સામાન્ય લોકો ઈચ્છે છે કે, તેમનું ધ્યાન વંશવાદ ઉપર કેન્દ્રિત થવાના બદલે તેમના ઉપર કેન્દ્રિત થાય પરંતુ અહીંની સરકાર વંશવાદ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તેમની પાર્ટી લોકોના અવાજ બની શકે છે.



**આથમતા સુરજના અજવાળા...**

ૐ સૂર્યાય નમઃ આદિત્ય,ભાનુ,ભાસ્કર,રવિ,સવિત એવા અનેક નામથી જેમની રોજ વહેલી સવારે પુજા થાય છે.સુર્યનારાયણ ભગવાન રોજ દર્શન આપતા હાજરાહજુર દેવતા છે. કાતીલ ગાત્રો થ્રીજવતી ઠંડીનો ચમકારો દિન-પ્રતિ-દિન વધતાં જીવ માત્ર વહેલી સવારે સુર્યોદય થવાની આતુરતાપુર્વક રાહ જોતા હોય છે કારણ કે લઘુત્તમ તાપમાનનો પારો એકાએક ગગડતાં ચોમેર શીત લહેર છવાય જાય છે. શિયાળાની ઋતુ દરમ્યાન છેલ્લા કેટલાક સમયથી ઠંડીનું પ્રમાણ એકાએક વધતાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ રહ્યું છે. કાતીલ તીવ્ર ઠંડી અને સુસવાટા મારતા પવનો વચ્ચે સુર્યના કિરણોનું દિવસે સર્વ શ્રેષ્ઠ રક્ષણ જીવ માત્રને મળતું હોય છે. સમી સાંજે આકાશમાં આથમતા સુરજની તસ્વીર જોવા મળી રહી છે. ઢળતી સાંજે નભ મંડળમાં આભની અટારીએથી વિદાય લેતા સુર્યને કેમેરામેને આબાદ નયનરમ્ય તસ્વીર કેમેરાના કચકડે કેદ કરી છે.

## દેશભરમાં કોંગ્રેસનો ૧૩૪મો સ્થાપના દિવસ ઉજવાયો

**રાહુલ-મનમોહનસિંહે કેક કાપી ઉજવણી કરી : પાર્ટીના મુખ્યાલયમાં ઝંડો લહેરાવાયો**



ન્યુ દિલ્હી,તા.૨૮

દેશની સૌથી જૂની રાજનૈતિક પાર્ટી કોંગ્રેસ આજે પોતાનો ૧૩૪મો સ્થાપના દિવસ મનાવી રહી છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આ પ્રસંગે પાર્ટીના મુખ્યાલયમાં ઝંડો લહેરાવ્યો હતો. આ દરમિયાન પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ સહિત પાર્ટીના અન્ય પણ મોટા નેતાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ત્યારે આ પ્રસંગે રાહુલ ગાંધી અને મનમોહનસિંહે કેક પણ કાપી હતી.

ઉલ્લેખનીય છે કે મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં ભારતીય જનતા પાર્ટીને મ્હાત આપીને કોંગ્રેસ જોશમાં છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા પાર્ટી માટે એક મોટા બૂસ્ટ તરીકે આને જોવામાં આવી રહ્યું છે. આપને જણાવી દઈએ કે કોંગ્રેસની સ્થાપના બ્રિટિશ રાજમાં ૧૮૮૫માં થઈ હતી. કોંગ્રેસના સંસ્થાપકોમાં દાદાભાઈ નવરોજી, એઓ હ્યૂમ, અને દિનશા વાચા જેવા મોટા દિગ્ગજો હતા. ૧૯૪૭માં જ્યારે દેશને આઝાદી મળી ત્યાર બાદ કોંગ્રેસ દેશની પ્રથમ મોટી રાજનૈતિક પાર્ટી બની.

આઝાદીથી લઈને ૨૦૧૬ સુધી થયેલી લોકસભા ચૂંટણીઓ પૈકી કોંગ્રેસ ૬ ચૂંટણીમાં બહુમતી સાથે જીત પ્રાપ્ત કરી હતી. ૪ વાર કોંગ્રેસની આગેવાનીમાં કેન્દ્રમાં ગઠબંધનવાળી સરકારો પણ બની. અત્યાર સુધી દેશના સાત વડાપ્રધાન કોંગ્રેસના થઈ ચૂક્યા છે.

# ઈ-કોમર્સ એફડીઆઈ નવા નિયમથી ખળભળાટ

નવી દિલ્હી, તા. ૨૮

ઈ-કોમર્સના ક્ષેત્રમાં એફડીઆઈ ધારાધોરણ એકાએક વધુ કઠોર કરી દેવામાં આવ્યા ચીજોના વેચાણ અને પોતાના પ્લેટફોર્મથી વેચવાને રોકે છે જેમનું ઉત્પાદન તે પોતે અથવા તો તેની કોઈ યુનિટ કરે છે. એટલું જ નહીં જેવી ખાસ સેવાઓ અથવા પ્રોગ્રામ ઉપર બ્રેક મુકાશે. કારણ કે, સરકાર આ ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મને નિષ્પક્ષ કરી દેવા માંગે એમેઝોન અને ફ્લિપકાર્ટના બિઝનેસ મોડલમાં અભ્યાસ કર્યા બાદ આ કંપનીઓને માળખાકીય રીતે ખતમ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. ઈ-કોમર્સ કંપનીઓ ભારતમાં નોકરી આપી રહી છે ત્યારે આ ઘટનાક્રમ ખુબ જ ઘાતક સાબિત થઈ શકે છે.

**એમેઝોન અને વોલમાર્ટ જેવી કંપનીઓને ફટકો : વોલમાર્ટ અને એમેઝોનમાં નોકરી કરતા લોકો સામે પણ ખતરો : ઓનલાઈન માર્કેટ પ્લેસમાં નવી અટકળનો દોર**

બાદ મૂડીરોકાણ અને મોટી સંખ્યામાં નોકરી પર તવાઈ આવી ગઈ છે. કેટલાક લોકોને આનાથી ફાયદો થશે. ઈ-કોમર્સ ઉપર નવી નીતિથી કેટલાકને ફાયદો અને કેટલાકને નકસાન થશે. વિદેશી મૂડીરોકાણ કરનાર ઓનલાઈન માર્કેટ પ્લેસને નવી નીતિથી નુકસાન થશે જ્યારે કેટલીક કંપનીઓને સીધો ફાયદો થશે. નવા નિયમો કોઈપણ ઈ-કોમર્સ કંપનીને એવી આમા એવું પણ નક્કી કરવામાં આવ્યું છે કે, કોઈ વેન્ડર કોઈ પોર્ટલ ઉપર વધુને વધુ કેટલી ચીજવસ્તુઓના વેચાણ કરી શકે છે. નવી નીતિમાં ઈ-કોમર્સ પ્લેટફોર્મ ઉપર કોઈ સપ્લાયરને વિશેષ સુવિધા આપવા ઉપર પણ બ્રેક મુકવામાં આવી છે. નવી નીતિ હેઠળ કેસબેક, એક્ઝીક્યુસીવ સેલ, બ્રાન્ડ લોન્ચિંગ, અમેઝોન પ્રાઈમ અથવા ફ્લિપકાર્ટ પ્લસ છે. નિયમ કઠોર બની જવાથી એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવી મોટી કંપનીઓને મોટો ફટકો પડશે. મોટા મોટા ડિસ્કાઉન્ટ ઓફર મારફતે ગ્રાહકોને આકર્ષિત કરવામાં હજુ સુધી આ લોકો સફળ રહ્યા છે પરંતુ નવા નિયમો અમલી બન્યા બાદ આ બાબત શક્ય બનશે નહીં.

એક વિદેશી ઈ-કોમર્સ કંપનીના વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે,

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



સ્ટોર સ્પોન્સરશિપ તથા જાહેરાત માટે સંપર્ક કરો